# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM AMRUT STATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બિકાનેરથી આજે રાજ્યના 18 સહિત દેશભરના 103 પુનઃવિકસિત અમૃત રેલવે મથકોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ કહ્યું કે રેલવેના મુસાફરોની સુવિધાઓ માટે દેશભરના એક હજાર ત્રણસો રેલવે મથકોનો પુનર્વિકાસ થઇ રહ્યો છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી -PM-ON-RAILWAY)

આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે ભારતીય સેનાએ 22 મિનિટમાં જ આતંકવાદીના નવ ઠેકાણાઓને નેસ્તનાબૂદ કર્યા.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી PM-SINDOOR)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા. શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યમાં રેલવેનો વ્યાપ અનેક ઘણો વધ્યો છે. આ વર્ષના અંદાજપત્રમાં કેન્દ્ર સરકારે રેલવે અંદાજપત્ર અંતર્ગત ગુજરાતને 17 હજાર 155 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

. . . . . . . . . . . .

# MAHISAGAR ACCIDENT

મહીસાગર જિલ્લામાં આજે બે અલગ અલગ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. પ્રથમ ઘટનામાં લુણાવાડા વરધરી માર્ગ પર ડમ્પરે અડફેટે લેતા એક રાહદારીનું ઘટના સ્થળે મોત થયું.  જ્યારે અન્ય એક અકસ્માત

ખાનપુર તાલુકાના ભાદરોડ ગામ નજીક સર્જાયો હતો જેમાં ડમ્પર ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા ડમ્પર ઝાડ સાથે અથડાયું હતું.જેમાં ચાલકનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . .

# AMDAVAD GURUKUL AAG

અમદાવાદ શહેરના ગુરુકુળ રોડ પર આવેલા પૂર્વી ફ્લેટમાં એક મકાનમાં આગ લાગતાં અગ્નિશમન દળની 15 ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી. અગ્નિશમન દળે ફ્લેટના નવ અને દસમા માળે રહેતા લોકોને બચાવ્યા હતા. ફ્લેટના 'એ' બ્લૉકમાં આઠમા માળે આવેલા ઘરના AC-માં બ્લાસ્ટ થતાં આગ લાગ્યાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે પૂર્વ ઝોનના DCP ટ્રાફિક સફિન હસને વધુ માહિતી આપી.

**(BYTE- SAFIN HASAN, DCP TRAFFIC AHMEDABAD EAST ZONE)**

. . . . . . . . . . . .

# DIU KHELO INDIA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં મહારાષ્ટ્રનાં દીક્ષા યાદવે ઑપન સી સ્વિમિંગમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યાં છે.

દીવનાં અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે, 19 વર્ષનાં આ ખેલાડીએ આ સ્પર્ધામાં 10 અને પાંચ કિલોમીટરની સ્વિમિંગ સ્પર્ધામાં પહેલું સ્થાન મેળવી આ સિદ્ધિ હાંસલ કરી છે. જ્યારે પુરુષોની પાંચ કિલોમીટર ઑપન સી સ્વિમિંગ સ્પર્ધામાં કર્ણાટકના ધ્રુપદ રામકૃષ્ણ-એ સુવર્ણ ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . .